ઉમેદવારો ભગવાનની શરણમાં... અબ તો રામ હી જાન બચાયે

ગાંધીનગર, તા. ૧૬

ગુજદરાતની ચૂંટણી પૂરી થઈ ગઈ છે. ઉમેદવારો નવરાં પડ્યા છે ત્યારે તેઓ ભગવાનની શરણમાં ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે અંબાજી માતાના દર્શન કર્યા હતા. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સોમનાથના દર્શન કર્યા હતા.

કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતના બાર મંદિરોના દર્શન કર્યા છે. કેટલા ઉમેદવારોએ કથા અને પૂજાવિધિ પણ કરાવી છે. પોતપોતાની શ્રદ્ધા અનુસાર દેવી-દેવતાઓના શરણે દોડી રહ્યા છે. ગુજરાતના બનાસકાંઠા ખાતે આવેલ વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં આશિર્વાદ લેવા માટે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પહોંચ્યા હતા તો તેમનો કટ્ટર હરીફ ગણાતો હાર્દિક પણ મા અંબાના શરણે ગયો હતો.

કોંગ્રેસના સિનિયર નેતા શક્તિસિંહ ગોહિલ મંદિરમાં જઈ આવ્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ તેમની કુળદેવી ચેચર જોગણી માતાના દર્શન કર્યા હતા. ખેડબ્રહ્માના કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન કોટવાલે કહ્યું હતું કે તેમને માતાજીમાં શ્રદ્ધા છે. ચૂંટણીમાં જીત્યા પછી તરત જ તેઓ અંબા માતાના દર્શન કરવા જશે.

કોંગ્રેસના વડોદરાના ઉમેદવાર નરેન્દ્ર રાવત શિવભક્ત છે. તેમણે શંકરના મંદિરમાં જવાની પ્રતિજ્ઞા લીધી છે. નિકોલના ઉમેદવાર ઈન્દ્રવિજયસિંહ ગોહિલે ઓઢવમાં ભાથીજી મહાજ અને ખોડીયાર મંદિરે પૂજાવિધિ કરી છે. ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર સી.જે. ચાવડાએ મતદાન પછી હવન કરાવ્યુ હતુ. કોંગ્રેસના બે મુસ્લિમ ઉમેદવારો પૈકી દરિયાપુરના ગ્યાસુદ્દીન શેખ અને જમાલપુરના ઈમરાન ખેડાવાલાએ નમાઝ એ શુકાન અદા કરી માનતા માની હતી કે જીત મળશે તો તેઓ અજમેર શરીફ જઈ ઈબાદત કરશે.

સટ્ટાબજારમાં ભાજપના જીતનો દાવો.. કોંગ્રેસ પણ પાછળ નથી

ગુજરાત ચૂંટણીમાં એક્ઝિટ પોલના પરિણામ ભલે જે પણ આવે પણ દેશની બે મોટી પાર્ટી બીજેપી અને કોંગ્રેસના ભાગે ૧૮ ડિસેમ્બર્ના રોજ કેટલી સીટો આવશે તેના પર સટ્ટો લાગી રહ્યો છે. ગુજરાતના સટ્ટા બજાર મુજબ હાલ બંને પાર્ટીયો માટે ૩૫/૪૫નો ભાવ ચાલી રહ્યો છે. જેમા બીજેપીને ૧૦૦માંથી ૧૦૩ સીટો આપવામાં આવી છે જ્યારે કે કોંગ્રેસને ૭૮થી ૧૦૦ સીટો મળવાનુ અનુમાન સટ્ટા બજારે લગાવ્યુ છે. કોણો કેટલો ભાવ ? બીજેપી જો ૧૦૩+ સીટો જીતશે તો એક લાખ રૂપિયા પર ૩૫ હજાર જ્યારે કે બીજેપી ૧૦૦ કે તેનાથી ઓછી સીટો જીતશે તો પૂરી રકમ જતી રહેશે.. (એક લાખ રૂપિયા) બીજી બાજુ કોંગ્રેસનો ભાવ હાલ ૭૬ થી ૭૮ ચાલી રહ્યો છે. એવામાં કોંગ્રેસ જો ૭૮કે તેનાથી વધુ સીટો જીતશે તો એક લાખ પર ૩૫ હજાર મળશે. ગુરૂવારે એક્ઝિટ પોલ થતા પહેલા સટ્ટા બજારનો ભાવ ૯૨-૯૪ બીજેપી માટે ચાલી રહ્યો હતો. જ્યારે કે કોંગ્રેસનો ભાવ ૯૦-૯૨ ચાલી રહ્યો હતો.. ઈંડિયા ટુડે-એક્સિસ-માય-ઈંડિયાના એક્ઝિટ પોલે ગુજરાતમાં બીજેપીની સ્પષ્ટ જીતનુ અનુમાન લગાવ્યુ છે. બીજેપીને ૯૯થી ૧૧૩ સીટો મળી શકે છે.. જ્યારે કે ૨૨ વર્ષ પછી કમબેક કરવાની આશા પર કોંગ્રેસને મોટો ઝટકો લાગી શકે છે.. કોંગ્રેસને ૬૮થી ૮૨ સીટો જ મળી શકે છે.. બીજી બાજુ અન્યના ખાતામાં એકથી ચાર સીટો આવી શકે છે. ગુજરાતમાં બહુમત માટે ૯૨ સીટોની જરૂર હોય છે. બજારે પણ કર્યુ એક્ઝિટ પોલ વેપારીઓનુ કહેવુ છે કે ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલ ફક્ત મીડિયાએ જ નહી પણ બજારે પણ કર્યુ હતુ. ગુજરાતના વાયદા વેપારીઓના એક્ઝિટ પોલમાં બીજેપીને ૧૧૫થી ૧૨૫ સીટો મળવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પણ વેપારીઓને એવુ પણ લાગે કે હાર્દિક પટેલ, જિગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોરને કારણે ભાજપાને ગુજરાતમાં રાજનીતિક નુકશાન જરૂર થયો છે. આવામાં રાજનીતિક ગલિયારાથી લઈને સટ્ટા બજાર સુધી આખા દેશની નજર ૧૮ ડિસેમ્બરના રોજ આવનારી ચૂંટણીના અસલી પરિણામ પર ટકી છે.

જો ગુજરાતમાં ફરીથી બીજેપીની સરકાર બની તો આંદોલનકારી ત્રિપુટીનુ શું થશે ?

ગુજરાતમાં ભાજપની સરકાર સામે પડેલા ત્રણ આંદોલનકારી નેતાઓના જોરે આ વખતની ચૂંટણીનું પરિણામ કંઈ ઓર આવશે એવી ચર્ચાઓ ચારેકોર જામી હતી પણ એક્ઝિટ પોલમાં ભાજપની જીત હોવાથી ત્રણેય આંદોલનકારીઓની પરિસ્થિતિ શું હશે હવે એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગુજરાતમાં જો ફરી એકવાર ભાજપની સરકાર આવશે તો હાર્દિક પટેલનું ભાવિ ડામાડોળ થઇ શકે છે. રાજ્યમાં એક્ઝિટ પોલ જેવા પરિણામ આવ્યા તો હાર્દિક પટેલ જ નહીં, ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર અને દલિત આગેવાન જીજ્ઞેશ મેવાણીના સપનાં પણ રોળાઇ શકે છે. ગુજરાતમાં ૧૮મી ડિસેમ્બરે પરિણામ જો કોંગ્રેસની ફેવરમાં આવ્યું અને રાજ્યમાં કોંગ્રેસની સરકાર બનતી હશે તો આ ત્રણેય યુવાનો કોંગ્રેસમાં સુપર પાવર બની શકે છે. પરંતુ જો ભાજપની સરકાર બની તો હાર્દિકની જેલયાત્રા ફરી શરૂ થવાના ચાન્સિસ જોવા મળે છે. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની સરકાર શાસન કરે છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની કસોટી થવાની છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શાખ દાવ પર લાગેલી છે. આ ચૂંટણીની બીજી ઇફેક્ટ એ થશે કે- જો કોંગ્રેસની સરકાર આવશે તો મોદી માટે ૨૦૧૯ની વૈતરણી કઠીન બની શકે છે પરંતુ જો ભાજપની સરકાર બનશે તો ૨૦૧૯માં ફરી પાંચ વર્ષ મોદી પાવર આવી શકે છે. બીજી તરફ કોંગ્રેસના અધ્યક્ષપદે જેમની વરણી થઇ છે તે રાહુલ ગાંધી ગુજરાતની ચૂંટણીમાં પાકટ રાજકારણી તરીકે ઉભરી રહ્યાં છે પરંતુ નસીબ તેમને યારી આપતું નથી. ગુજરાતમાં જો કોંગ્રેસ ચૂંટણી જીતી જશે તો રાહુલ ગાંધી નેશનલ લેવલે તેમની ઇમેજને વધારે મજબૂત બનાવી શકશે અન્યથા તેમની ઉગતી કારકિર્દીમાં ગુજરાત આડખિલી બન્યું છે તેમ માની શકાય છે.

શનિ-રવિવારે રાત્રે ભાજપ ઈવીએમમાં ગરબડ કરશે : હાર્દિક પટેલ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો પહેલાં પાસ કન્વીનર હાર્દિક પટેલે કહ્યું કે, ભાજપ

ઈવીએમ સાથે છેડછાડ કરનાર છે. શનિવારે અને રવિવારે રાત્રે ભાજપ ઈવીએમ સાથે છેડછાડ કરશે, જો ઈવીએમ સાથે છેડછાડ ન થઈ તો ભાજપ ૮૨ બેઠકો સુધીજ સીમિત રહેશે. આ અંગે હાર્દિક પટેલે ટ્વીટ કર્યું છે. અન્ય એક ટ્વીટમાં હાર્દિક પટેલે લખ્યું છે કે, ગુજરાતમાં ભાજપની હારનો અર્થ છે ભાજપનું પતન. ઈવીએમમાં ગોટાળો કરીને ભાજપ ગુજરાત ચૂંટણી જીતશે અને હિમાચલ પ્રદેશની ચૂંટણી હારશે, જેથી કોઇ ઈવીએમ અંગે સવાલ ન કરે. ઉલ્લેખનીય છે કે, હાર્દિક પટેલ ઈવીએમ પર સતત પ્રશ્નો કરી રહ્યાં છે. શુક્રવારે પણ તેમણે ટ્વીટ કરી ઈવીએમ મામલે શંકા વ્યક્ત કરી હતી. શુક્રવારે હાર્દિકે ટ્વીટ કર્યું હતું કે, આપણે ઈવીએમ મશીનનો ઉપયોગ શા માટે કરીએ છીએ, જેથી મતગણતરી જલ્દી થઇ જાય. પરંતુ ચૂંટણી પૂર્ણ થયા બાદ પણ પથી ૭ દિવસ સુધી શા માટે ઈવીએમ બંધ રૂમમાં રાખવામાં આવે છે ? આનાથી સારું તો એ છે કે બેલેટ પેપરથી મતદાન થાય, એમાં પણ ઈવીએમ જેટલો જ સમય લાગે છે. હિમાચલ પ્રદેશમાં તો ૧ મહિનો ઈવીએમ પડ્યા રહ્યા હતા.

અંબાજીના દર્શન કરી હાર્દિકે કહ્યું, ઘમંડીઓની સરકાર પડશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ શુક્રવારે પાસ કન્વીનર હાર્દિક પટેલ અંબાજી દર્શન કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન રસ્તામાં વડાલી પાસ દ્વારા હાર્દિક પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું, અહીં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અંબાજીના દર્શન કર્યા બાદ હાર્દિક પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂતો, યુવાનો અને સારા માણસોની સરકાર આવશે અને ઘમંડીઓની સરકાર જશે. આ અંગે હાર્દિક પટેલે ટ્વીટ પણ કર્યું હતું. હાર્દિકે ટ્વીટમાં લખ્યું હતું કે, અંબાજીથી અમદાવાદ જતા દાંતા બ્લોકના આદિવાસી સમુદાયના ગામોમાં ખેડૂતો અને યુવાઓને મળ્યો હતો.

અદિવાસી સમાજની જમીનો દગાબાજીથી લઇ લેવામાં આવી છે. આદિવાસી સમાજના ખેડૂતોને મળીને મને ખૂબ સારુ લાગ્યું. શુક્રવારે હાર્દિકે શક્તિ પીઠ અંબાજીમાં માં અંબા સામે શીષ ઝુકાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, મતદાન પૂર્ણ થયા બાદ જાહેર થયેલા એક્ઝિટ પોલના આંકડાઓમાં ભાજપને જ બહુમત મળવાની શક્યતાઓ દર્શાવાઇ હતી. જ્યારે હાર્દિક પટેલે આ એક્ઝિટ પોલના આંકડાઓ સામે પડકાર ફેંકતા કહ્યું હતું કે, ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થશે.

આજે છ મતદાન મથકો પર પુનઃ મતદાન

ગાંધીનગર, તા. ૧૬

વિધાનસભાની સામાન્ય ચૂંટણી, ૨૦૧૭ માટે તા.૧૪-૧૨-૨૦૧૭ને ગુરૂવારના રોજ થયેલ બીજા તબક્કાનાં મતદાન પૈકી છ મતદાન મથકોનું મતદાન સને ૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૫૮(૨) અન્વયે ભારતના ચૂંટણી પંચે રદ કરેલ છે. ૧૧-વડગામ (અજા) વિધાનસભાના ૧૧૨-છનીયાણા-૧ અને ૧૧૩-છનીયાણા-૨; ૩૯-વિરમગામ વિધાનસભાના ૨૩૯-વિરમગામ-૨૭; ૫૭-દસક્રોઇ વિધાનસભાના ૧૫-નવા નરોડા-૧૫ તેમજ ૧૩૫-સાવલી વિધાનસભાના ૬૬-ન્હારા-૧ અને ૨૪૪-સાંકરદા-૭ એમ મળી કુલ છ મતદાન મથકોએ હવે તા.૧૭-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન નવેસરથી મતદાન કરવામાં આવશે. જે અંગે સંબંધકર્તા રાજકીય પક્ષો અને સંબંધીત મતદાર વિભાગોના ઉમેદવારોને તેમજ મતદાન મથકના મતદારોને નોંધ લેવા બી. બી. સ્વૈન, મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયની યાદીમાં જણાવાયું છે.

કઈ રાશીના કેટલા ઉમેદવારો જીતશે....

અનુ.	રાશિ અને અક્ષર	વર્ષ-૨૦૧૨ ના વિજેતાઓની રાશિ પ્રમાણે કુલ સંખ્યા	વર્ષ-૨૦૧૭ ના ભાજપના ઉમેદવારઓની રાશિ પ્રમાણે વિગત		વર્ષ-૨૦૧૭ ના કોંગ્રેસના ઉમેદવારઓની રાશિ પ્રમાણે વિગત		કુલ રાશિ પ્રમાણે જીતની સંભાવના	
			રાશિ મુજબ ઉમેદવારો	સંભવિત જીત	રાશિ મુજબ ઉમેદવારો	સંભવિત જીત	રાશિ મુજબ કુલ ઉમેદવારો	કુલ જીત
૧	મેષ(અ.લ.ઈ.)	૧૬	૧૮	૮	૩૨	૧૨	૫૦	૨૦
૨	વૃષભ(બ.વ.ઉ.)	૧૯	૨૦	૧૦	૧૬	૨	૩૬	૧૨
૩	મિથુન(ક.છ.ઘ.)	૨૦	૨૩	૧૬	૧૦	૭	૩૩	૨૩
૪	કર્ક (ડ.હ.)	૫	૬	૪	૩	૧	૯	૫
૫	સિંહ(મ.ટ.)	૧૭	૧૯	૪	૧૪	૮	૩૩	૧૨
૬	કન્યા(પ.ઠ.ણ.)	૧૭	૧૧	૧૦	૧૮	૭	૨૯	૧૭
૭	તુલા(ર.ત.)	૨૩	૨૧	૧૫	૧૪	૬	૩૫	૨૧
૮	વૃશ્ચિક (ન.ય.)	૧૧	૮	૩	૧૩	૫	૨૧	૮
૯	ધનુ (બ.ધ. ફ.ઢ.)	૮	૧૩	૭	૧૨	૬	૨૫	૧૩
૧૦	મકર(ખ.જ.)	૨૧	૧૩	૯	૧૦	૭	૨૩	૧૬
૧૧	કુંભ(ગ.શ.ષ. સ)	૧૪	૨૦	૮	૨૪	૧૫	૪૪	૨૩
૧૨	મીન(દ.ચ. ઝ.થ)	૧૧	૧૦	૫	૧૨	૫	૨૨	૧૦
	કુલ સંખ્યા	૧૮૨	૧૮૨	૯૯	૧૭૮	૮૧	૩૬૦	૧૮૦

સંકલન અને રજૂઆત : કિરીટ બી. ત્રિવેદી, ગાંધીનગર

તમામ લોકઆંદોલનોને હરાવી એક્ઝિટપોલમાં ભાજપની જીત થઈ

ગુજરાત વિધાનસભાની બંને તબક્કાની ચૂંટણીનું મતદાન પુરૂ થઈ ગયું છે અને તેનું પરિણામ ૧૮મીએ સોમવારે જાહેર થશે. પરંતુ જે પ્રમાણે એક્ઝિટ પોલ પર ભાજપની જીત બતાવવામાં આવે છે તે પ્રમાણે અનેક દલિલો છે. એક તરફ લોક આંદોલનો હતાં અને બીજી બાજુ તમામનો વિરોધ સહન કરી રહેલી ભારતીય જનતા પાર્ટી હતી. ત્યારે એવું લાગતું હતું કે હવે ગુજરાતમા ભાજપનું શાસન ગયું. પરંતુ એક્ઝિટ પોલના તારણો પ્રમાણે હવે લોક આંદોલનો સામે ભાજપની જીત થઈ છે.

એક બાજુ પાટીદાર આંદોલન ચલાવનાર હાર્દિકની સભાઓમાં લાખોની સંખ્યામાં લોકો આવતાં હતાં ત્યારે પણ એમ લાગતું હતું કે ભાજપને ફટકો પડશે પણ એક્ઝિટ પોલના તારણો પ્રમાણે લોકોએ માત્ર હાર્દિકની સભાઓનો તમાશો જોયો અને મત ભાજપને આપ્યો. અથવા તો જે લોકો ભાજપથી નારાજ હતાં તેમણે મતદાન જ ના કર્યું. જે ઓછું મતદાન થયા પરથી જોઈ શકાય છે. જો એક્ઝીટ પોલ સાચા પડે છે તો તેનો અર્થ હાર્દિકની સભામાં આવનાર પાટીદાર અને અન્ય કોમના યુવાનોએ ભાજપ સામે નારાજગી હોવા છતાં ભાજપને જ મત આપ્યો છે અથવા મતદાનથી અળગા રહ્યા પણ કોંગ્રેસને મત આપ્યો નથી.

અલ્પેશ અને હાર્દિકના મુળ આંદોલનની શરૂઆત ઉત્તર ગુજરાતમાંથી થઈ હતી, ત્યાર બાદ હાર્દિકનું આંદોલન સૌરાષ્ટ્ર સુધી વિસ્તર્યુ હતું, જેની અસર ખાસ કરી સુરતમાં પણ થઈ હતી. આમ ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્ર અને સુરતમાં આંદોલન થયા છતાં એક્ઝીટ પોલ પ્રમાણે આંદોલનની અસરનું મતદાનમાં કોગ્રેસ તરફી રૂપાંતરણ થયુ નહીં. જ્યારે સુરતમાં જીએસટી પછી પણ કાપડ ઉદ્યોગ દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યુ હતું, તો પછી ખરેખર પોતાના ધંધામાં પરેશાન થનાર વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ પણ નારાજગી છતાં ભાજપને મત આપ્યા હતા. નોટબંધીની અસર ગરીબ માણસથી લઈ શ્રીમંતો સુધી એક સરખી થઈ છે. નોટબંધીને કારણે ગુજરાતના અનેક ધંધામાં મંદી આવી છે, તેને કોઈ નકારી શકે તેમ નથી. તો પછી ધંધો અને રોજગાર ગુમાવનારે પણ ભાજપને મત આપ્યો છે.

આ ઉપરાંત મોંઘવારી પણ નિયંત્રણ બહાર ગઈ, તો મોંઘવારીનો સામનો કરનાર મહિલાઓ પણ પોતાના ચુલો રોજ સળગતો રાખવામાં નિષ્ફળ ગયેલી ભાજપને સરકારને મત આપ્યો છે. આ પ્રકારે ખેડૂતો પણ પોતાને ટેકાના ભાવ મળતા નથી તે મુદ્દે ખુબ નારાજ હતા, તો તેનો અર્થ ખેડૂતોએ માની લીધુ કે ટેકાના ભાવ નહીં મળે તો ચાલશે પણ અમારે તો ભાજપની સરકાર જ જોઈએ છે. આમ વિવિધ પ્રકારના આંદોલનની કોઈ અસર થઈ નહીં, અને એક્ઝીટપોલ પ્રમાણે ભાજપ સામે તમામ લોક આંદોલનો હારી ગયા અને ભાજપ જીતી ગયું.

પાંચ વિધાનસભા ચૂંટણીની મતગણતરી માટે ૪૦૦ અધિકારી- કર્મચારીઓને તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટે તા.૧૮-૧૨-૨૦૧૭ ના રોજ યોજાનાર મત ગણતરી અંગે સે-૧૫ની આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ ખાતે જિલ્લાના અધિકારીઓ અને પાંચ વિધાનસભાના આર.ઓ. સાથે બેઠક યોજીને તૈયારીઓ અંગે સર્વગ્રાહી સમિક્ષા કરી હતી. ચૂંટણી અધિકારીઓના સરકારી વાહનો અને મીડિયાના વાહનોનુ પાર્કિંગ ગાંધીનગરની સાયન્સ કોલેજ ખાતે કરાશે. વિધાનસભા બેઠકોના રાઉન્ડ વાઇઝ મતગણતરીની વિગતો મીડિયાને સમયસર મળી રહે તે માટે સંબધીતોને સુચના આપી હતી. ગાંધીનગર જિલ્લાની પ્રજાને મતગણતરીની વિગતો મળી રહે તે માટે સેન્ટ્રલ વિસ્ટાના બગીચા ખાતે રાઉન્ડ વાઇઝ માઇક દ્વારા જાહેર કરાશે. પાંચ વિધાનસભા મતગણતરીમાં કુલ ૪૦૦ કર્મચારીઓને સ્ટાફ ટ્રેનીગ કોલેજ ખાતે તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી અને ચીફ નોડલ ઓફીસર દેવાંગ દેસાઇ, નિવાસી અધિક કલેકટર એચ. એમ. જાડેજા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિપુલ ઠક્કર દ્વારા કાઉન્ટીંગ અંગે તથા ઈવીએમ અને વીવીપેટની કામગીરીની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દરેક વિધાનસભા બેઠક માટે ૧૫ માઇક્રો નિરીક્ષક૧૫- કાઉન્ટીંગ સુપરવાઇઝર ૩૦-કાઉન્ટીંગ મદદનીશ, ૧૬ વર્ગ-૪ના કર્મચારીઓ ફરજ બજાવશે.

ટકાવારી ઘટી ● અનુસંધાન ત્રીજાનું ચાલુ

મથકોને લઈ કોઈ ચોકકસ નિર્ણય પર પહોંચી શકયા નથી. જિલ્લામાં ગ્રામીણ વિસ્તારમાં મતદારોએ દાખવેલી જાગૃતિ એ રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી રહ્યો છે. એક્ઝીટ પોલના પરિણામોની ચર્ચા કરતાં મતદાનમાં થયેલા ઘટાડાને લઈ પરિણામો અંગેની ઉત્તેજનાએ રાજકીય સસ્પેન્સ ઉભું કર્યું છે. ગ્રામીણ વિસ્તારમાં યુવા, મહિલા અને વયસ્કોનું મતદાન નવા સમીકરણો બનશે તેવું મનાઈ રહ્યું છે.

૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત કરી દેવાશે

અમદાવાદ, તા.૧૬

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાના મતદાન બાદ હવે તા.૧૮મીની મતગણતરી પર ગુજરાત સહિત દેશ અને દુનિયાની નજર મંડાઇ છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા મતગણતરીની પ્રક્રિયાને આખરી ઓપ અપાઇ ગયો છે અને મતગણતરીની નિષ્પક્ષ અને તટસ્થ પ્રક્રિયા હાથ ધરવા માટેના તમામ આયોજન હાથ ધર્યા છે. ચૂંટણી પંચ દ્વારા મતગણતરીને લઇ રાજયના ૩૩ શહેરોમાં કંટ્રોલરૂમ કાર્યરત રહેશે, જે પરિણામોની સતત અને લાઇવ જાણકારી અપડેટ કરતા રહેશે. આ સિવાય ૩૦હજારથી વધુ કર્મચારીઓ મતગણતરીની પ્રક્રિયામાં જોતરાશે. આ અંગે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી.સ્વૈનએ જણાવ્યું હતું કે, તા.૧૮મી ડિસેમ્બરે મતગણતરીને લઇ ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઇ છે અને ઈવીએમ-વીવીપેટની સુરક્ષાને લઇને પણ ખાસ તકેદારી રાખવામાં આવી છે. મતગણતરીને લઇને તા.૧૮મીએ સમગ્ર રાજયમાં કુલ ૩૩ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેમાં અમદાવાદમાં ત્રણ, વડોદરા અને સુરતમાં બે-બે, જ્યારે રાજયના અન્ય જિલ્લાઓમાં એક-એક કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. મુખ્ય કંટ્રોલરૂમ ગાંધીનગર ખાતે કાર્યરત રહેશે. આ સિવાય અમદાવાદ સરકીટ હાઉસ, એનેક્સી ખાતે મીડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે, જયાંથી રાજયભરના જે કન્ફર્મ પરિણામ આવી ગયા હશે તેની માહિતી જારી કરાશે. મતગણતરીની પ્રક્રિયામાં આશરે ૩૦ હજારથી વધુ કર્મચારીઓ જોતરાશે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ઈવીએમ અને વીવીપેટ મશીનોની સુરક્ષાને લઇ સ્ટ્રોંગ રૂમ ખાતે સ્થાનિક પોલીસ ઉપરાંત સેન્ટ્રલ અને પેરામિલેટ્રી ફોર્સના જવાનો સહિતના સુરક્ષા જવાનો ખડેપગે તૈનાત છે. સેન્ટ્રલના જવાનોની લગભગ ૧૦૦ જેટલી કંપનીઓ હજુ પણ રાજયમાં મતગણતરીના સ્થાનો અને સ્ટ્રોંગ રૂમ પર સલામતી વ્યવસ્થામાં ખડકાયેલી છે. ૧૮મી ડિસેમ્બરે મતગણતરીના સ્થળોએ કાઉન્ટીંગ સુપરવાઇઝર, કાઉન્ટીંગ ઓબ્ઝર્વર અને માઇક્રો ઓબ્ઝર્વર સહિતના સ્ટાફ આઠ વાગ્યા પહેલાં જ પહોંચી જશે. સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે. સૌપ્રથમ ઈવીએમ અને વીવીપેટ મશીનો સ્ટ્રોંગ રૂમમાંથી ભારે સુરક્ષા વચ્ચે રાજકીય ઉમેદવારો અને તેમના એજન્ટ તેમ જ ચૂંટણી અધિકારીઓ અને નીરીક્ષકોની હાજરીમાં મતગણતરી હોલ ખાતે લાવવામાં આવશે અને મતગણતરીના ટેબલો પર તે મૂકાશે અને રાઉન્ડ વાઇઝ મતગણતરી હાથ ધરાશે. ઉપરાંત, દરેક વિધાનસભા બેઠક દીઠ એક મતદાન મથક પર ઈવીએમના મતોની સાથે વીવીપેટ સ્લીપની ગણતરી કરી મતગણતરી હાથ ધરવામાં આવશે. આ માટે વીવીપેટ કાઉન્ટીંગ ટેબલની અલગ વ્યવસ્થા કરાઇ છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, મતગણતરીની પ્રક્રિયાની પાદર્શિતા, તટસ્થતા અને વિશ્વસનીયતા માટે તમામ ૧૮૨ બેઠકોના મતગણતરી હોલ ખાતેથી વેબ કાસ્ટીંગ થશે.

૧૮૨ બેઠક દીઠ તમામ હોલમાંથી વેબ કાસ્ટીંગ : ગાંધીનગરમાં ચૂંટણી પંચનો મુખ્ય કંટ્રોલરૂમ : અમદાવાદ એનેક્ષી ખાતે મીડિયા સેન્ટરથી પરિણામોની માહિતી જારી